===================================

**મે. મહીસાગર જિલ્લા ના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં મુકામ : લુણાવાડા**

===================================

**<u>ક્રિમિનલ કેસ નંબર :– ૨૧૪૬/૨૦૨૨</u>**

**આંક –**

**ફરીયાદી :–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

| ક્રમ | આરોપી | ઉ.વ. | રહે. |
|---|---|---|---|
| ૧. | ૧) ઇમ્તીયાજ ઉર્ફે જોન્ટી મામુદખાન પઠાણ | ૩૭ | વાસીયા તળાવ બેડા ફળી યું તા.લુણાવાડા, જી.મહીસાગર |
| ૨. | ૩) મોહસીન મામુદ શેખ | ૩૪ | ગઢ મહોલ્લા જરાતી વાડ લુણાવાડા તા.લુણાવાડા, જી.મહીસાગર |
| ૩. | ૪) અરવિંદભાઇ ભુરાભાઇ પગી | ૨૬ | પગીચાવાડ તા.લુણાવાડા જી.મહીસાગર |
| ૪. | ૫) સુરેશભાઇ લક્ષ્મણભાઇ પગી | ૨૮ | પગીચાવાડ તા.લુણાવાડા જી.મહીસાગર |
| ૫. | ૬) જીતેન્દ્રકુમાર મોહનલાલ સુર્યવંશી | ૫૩ | શાંતી નગર ચરેલ રોડ પર લુણાવાડા તા.લુણાવાડા જી.મહીસાગર |
| ૬. | ૯) જયંતિભાઇ લલ્લુભાઇ કાછીયા | ૫૫ | છપૈયા ધામ બારોટ વાડની બાજુમાં વરધરી રોડ લુણાવાડા તા.લુણાવાડા જી.મહીસાગર |
| ૭. | ૮) સુરેશભાઈ પ્રભાતભાઈ પરમાર | ૨૪ | ચારણગામ રાયણના મુવાડા તા.લુણાવાડા જી.મહીસાગર |
| ૮. | ૧૨) મકબુલભાઇ હમીદભાઇ મલેક | ૩૫ | બેડાફળીયુ વાસીયા તળાવ લુણાવાડા |

- <u>ગુન્હો :– જુગાર ધારા ૧૨ મુજબ</u>

**:: <u>ઠરાવ</u> ::**

**(૧)** આ કામના ગુનાની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૬/૦૩/૨૦૨૨ ના રોજ ક.૧૭/૦૦ થી ૨૧/૧૦ તરમ્યાન મોજે લુણાવાડા સંજીવની હોસ્પિટલની બાજુમાં વાવવાળા માર્કેટની બાજુમાં પોતાના અં

ગત ફાયદા સારૂ જાહેરમાં  વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડી તથા આરોપીઓની અંગ જડતીમાંથી રોકડ રૂા.૬,૨૧૦/– તથા મોબાઈલ ફોન નંગ–૯ જેની કિં.રૂા.૩૦,૫૦૦/– તથા પુઠઠાના પેડ નંગ–૨ જેની કિં.રૂા.૦૦/૦૦ તથા લખેલ સટટા બુકો નંગ–૨ જેની કિ.રૂા.૦૦/૦૦ તથા ચાલુ હાલતની બોલપેનો નંગ–૨ જેની કિં .રૂા.૦૦/૦૦ તથા વરલી મટકા લખેલ સાહિત્ય જેની કિં.રૂા.૩૬,૭૧૦/– ના મુદદામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ, આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા જુગારધારા ૧ ૨ મુજબ  મુજબનો ગુનો દાખલ કરી ચાર્જશીટ કરેલ છે.

**(૨)** આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ મળેલ છે. આરોપીઓ ગુના કબુલાતની પુરસીસ રજુ રાખેલ છે. આરોપીઓને ગુનાની મહત્તમ તથા ન્યુનતમ સજાની જોગવાઈઓનું તેમજ તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવામાં આવેલ છે. આમ છતાં આરોપીઓએ સ્વૈચ્છીક રીતે રાજીખુશીથી ગુનો કબુલ રાખેલ છે.જેથી આરોપીઓની પ્લી નોંધતા તેઓએ ગુનો કર્યાનું સ્વીકાર કરેલ છે.

**(૩)** આરોપીઓ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરતા હોય તેઓની કબુલાત સ્વીકારવામાં આવે છે અને તેઓની પુરસીસમાંની તેમજ મારી સમક્ષની ક્ષમાયાચના ધ્યાને લઈને તેઓ ગરીબ માણસ છે, ગુનાનો તેઓને પસ્તાવો છે, તેઓનો આ પ્રથમ કેસ છે, કુટુંબની સમગ્ર જવાબદારી તેઓના ઉપર છે તેમ જણાવી રહેમ રાખવા અરજ ગુજારેલ છે અને ગુનાનું સ્વરૂપ, ગુનાની માત્રા, ગુનાનો પ્રકાર અને પ્રમાણ ધ્યાને લઈને તેમજ ૨૦૦૫(૧)જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચં દજી ઠાકોરના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતા આરોપીઓને ન્યુનતમ સજાથી ઓછી સજા કરવા માટેના ખાસ અને વિશિષ્ટ કારણ હોવાનું જણાય છે, જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **–:હુકમ:–**

**(૧)** આ કામના આરોપીઓને ક્રી.પ્રો.કો.ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–જુગાર ધારા ૧૨ (અ) મુજબ ના ગુના માટે તકસીરવાન ઠરાવીને પ્રત્યેક આરોપીને રૂા. ૧૦૦/– એમ કુલ રૂા.૮૦૦/– (અંકે રૂપિયા આઠસો પુરા) દંડ ભરવાની સજા ફરમાવું છું. સદર આરોપીઓના જામીન તથા જાત મુચરકા રદ કરવા.

**(૨)** અપીલ સમય બાદ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કબજે કરેલ મુદામાલનો અપીલ સમય પુરો થયેથી તપાસ કરનાર અમલદારે યોગ્ય ખરાઈ કરી પરત કરવો.

સદર હુકમ આજરોજ તારીખ ૧૩ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૭/૨૦૨૫

સ્થળ–લુણાવાડા

(પી.સી.સોની)
એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
મુ.લુણાવાડા, જી. મહીસાગર

જજ કોડ જી જે ૦૦૮૪૮

P.R.VANSH